# કેનના બે ગોલ : ઈંગ્લેન્ડે ક્રોએશિયાને હરાવ્યું

## કોંગોએ પોર્ટુગલને ડ્રો પર રોક્યું, દિગ્ગજ રોનાલ્ડો ગોલ ન કરી શક્યો

**કેપ** વર્ડેએ સ્પેનને ગોલ રહિત ડ્રો પર રોક્યા પછી બીજી આફ્રિકન ટીમે મજબૂત યુરોપિયન ટીમને ડ્રો પર રોકી

**1974ના** વર્લ્ડકપમાં ભાગ લઇ ત્રણેય મેચ હારનાર કોંગોએ યુરોપિયન દિગ્ગજ સામે કરેલી ડ્રો મોટા અપસેટ સમાન



હ્યુસ્ટન, તા. 18 (એપી) : આર્જેન્ટિનાના લિયોનેલ મેસીએ હેટ્રિક ફટકારીને વર્લ્ડકપ ફૂટબોલમાં પોતાની ટીમને શાનદાર શરૂઆત અપાવી, પરંતુ તેની જેમ જ છઠ્ઠો વર્લ્ડકપ રમી રહેલા અન્ય દિગ્ગજ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો આ સિદ્ધિથી ગઈકાલે વંચિત રહ્યો હતો અને તેની ટીમ પોર્ટુગલને કોંગો સામે અણધારી 1-1થી ડ્રો રમવી પડી. પોતાના પહેલા વર્લ્ડકપની શોધમાં અહીં આવેલા રોનાલ્ડો અને પોર્ટુગલના અભિયાનની આ મુશ્કેલ શરૂઆત છે અને આ ડ્રો એક મોટા અપસેટથી ઓછી નથી. કોંગો 52 વર્ષ પછી પહેલી વાર વર્લ્ડકપમાં ભાગ લઈ રહ્યું છે. તે બીજી આફ્રિકન ટીમ બની છે જેણે મજબૂત યુરોપિયન ટીમને ડ્રો પર રોકી છે. સોમવારે અગાઉ, કેપ વર્ડેએ સ્પેનને ગોલ રહિત ડ્રો પર રોકી હતી. NRG સ્ટેડિયમમાં 68,777 દર્શકોની મજબૂત હાજરી સાથે, જોઆઓ નેવેસે છઠ્ઠી મિનિટે ગોલ કરીને પોર્ટુગલે મજબૂત શરૂઆત અપાવી હતી. પાંચ ફૂટ સાત ઊંચા મિડફિલ્ડરે પેડ્રો નેટોના ક્રોસ પર હેડ કરીને ગોલ કર્યો.

**હેરી** કેન ઈંગ્લેન્ડ વતી વર્લ્ડકપમાં સર્વાધિક 10 ગોલ કરવાના ગેરી લિનેકરના રેકોર્ડની બરાબરી કરી

આર્લિંગ્ટન, તા. 18 (એપી) : ફિફા વર્લ્ડકપના ગ્રુપ એલમાં પોતાની પહેલી મેચમાં હેરી કેને બે ગોલ કરીને વર્લ્ડકપ ફૂટબોલમાં ઈંગ્લેન્ડ વતી સર્વાધિક ગોલ કરવાના રેકોર્ડની બરાબરી કરતાં તેની ટીમે ક્રોએશિયા સામે 4-2થી જીત મેળવીને શાનદાર શરૂઆત કરી હતી.

કેને 12મી મિનિટે પેનલ્ટીને ગોલમાં ફેરવી હતી અને તે પછી 42મી મિનિટે તેણે પોતાનો બીજો ગોલ કર્યો. કેને હવે વર્લ્ડકપમાં 10 ગોલ કર્યા છે, અને તેણે 1986 અને 1990 ની ટુર્નામેન્ટમાં રમનારા ગેરી લિનેકરના રેકોર્ડની બરાબરી કરી છે. ક્રોએશિયા વતી માર્ટિન બાટુરિનાએ 36મી અને પીટર મોસેસે મોસેસે પહેલા હાફના ઈન્જરી ટાઈમની અંતિમ મિનિટે ગોલ કરીને તેમને મેચમાં જાળવી રાખ્યા હતા.

હાફ ટાઈમ સુધી સ્કોર 2-2 થી બરાબર હતો, પરંતુ ઈંગ્લેન્ડને 3-2 થી સ્કોર પોતાના પક્ષમાં કરવામાં વધુ સમય લાગ્યો નહીં. જુડ બેલિંગહામે બીજા હાફની બે મિનિટમાં જ એલિયટ એન્ડરસન પાસેથી મળેલા લોંગ પાસથી ડિફેન્ડર અને ગોલકીપર ડોમિનિક લિકોવિચને ડ્રિબલ કરીને ગોલ કરીને ઈંગ્લેન્ડને નિર્ણાયક સરસાઈ અપાવી દીધી અને તે પછી માર્કસ રાશફોર્ડે 85મી મિનિટે એ સરસાઈ વધારી હતી. આ બંને ટીમો 2018 માં સેમિફાઈનલમાં એકબીજા સામે ટકરાઈ હતી, જેમાં ક્રોએશિયા જીત્યું હતું પરંતુ અહીં ઈંગ્લેન્ડની ટીમ વધુ સારી સાબિત થઈ. ઈંગ્લેન્ડનો આગામી મુકાબલો મંગળવારે ફોક્સબરો, મેસેચ્યુસેટ્સમાં ઘાના સામે થશે, જ્યારે ક્રોએશિયાનો મુકાબલો તે જ દિવસે ટોરોન્ટોમાં પનામા સામે થશે.



# ડિયાઝના પ્રદર્શનથી કોલંબિયાએ ઉઝબેકિસ્તાનને 3-1થી હરાવ્યું

**વર્લ્ડકપમાં** પોતાની ડેબ્યુ મેચમાં લુઇસ ડિયાઝે એક ગોલ કરવાની સાથે બીજા ગોલમાં સહાયકની ભૂમિકા ભજવી

**કોલંબિયા** વતી અન્ય ડેબ્યુટન્ટ ડેનિયલ મુનનોઝે ડિયાઝના પાસ પર પોતાનો વર્લ્ડકપમાં પહેલો ગોલ કર્યો



મેક્સિકો સિટી, તા. 18 (એપી) : ફૂટબોલના સૌથી મોટા સ્ટેજ ફિફા વર્લ્ડકપમાં પોતાના ડેબ્યૂમાં લુઈસ ડિયાઝે એક ગોલ કરીને બીજા ગોલમાં મદદ કરતા કોલંબિયાએ વર્લ્ડકપના પોતાની પહેલી ગ્રુપ મેચમાં ઉઝબેકિસ્તાન સામે 3-1થી શાનદાર વિજય મેળવ્યો.

વર્લ્ડકપમાં ડેબ્યૂ મેચ રમી રહેલા અન્ય ખેલાડી ડેનિયલ મુનોઝે 40મી મિનિટે ડિયાઝના પાસ પર કોલંબિયા માટે પહેલો ગોલ કર્યો. 65મી મિનિટે ક્લોઝ-રેન્જ શોટ ગોલકીપર ઉત્કીર યુસુપોવના હાથને વાગીને ગોલ લાઇનની ઉપર જતાં ડિયાઝે નિર્ણાયક ગોલ કર્યો હતો.

એસ્ટાડિયો એઝટેકામાં 80,824 દર્શકોની હાજરીમાં વર્લ્ડકપમાં પ્રવેશ કરનાર ઉઝબેકિસ્તાન માટે ફૈજુલ્લાયેવ અબ્બોસબેકે 60મી મિનિટે ગોલ કર્યો. વિશ્વમાં 13મા ક્રમાંકિત કોલંબિયાને 50મા ક્રમાંકિત ઉઝબેકિસ્તાન સામે વિજય માટે મજબૂત દાવેદાર માનવામાં આવતું હતું. કોલંબિયાએ અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું. બીજા હાફના સ્ટોપેજ સમયમાં જેમિન્ટન કેમ્પાઝે ત્રીજો ગોલ કર્યો. આ જીત સાથે, કોલંબિયા પોર્ટુગલ અને કોંગોને પાછળ છોડીને ગ્રુપમાં ટોચ પર પહોંચી ગયું.

કોલંબિયાની ટીમ આગામી ગુરુવારે મેક્સિકોના ગુઆડાલજારામાં કોંગો સામે ટકરાશે, જ્યારે ઉઝબેકિસ્તાન હ્યુસ્ટનમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને પોર્ટુગલ સામે ટકરાશે. કોલંબિયા 2022ના વર્લ્ડકપ માટે ક્વોલિફાય થવામાં નિષ્ફળ ગયું હતું. તેમનું શ્રેષ્ઠ વર્લ્ડકપ પ્રદર્શન 2014માં બ્રાઝિલમાં હતું, જ્યારે તેઓ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા હતા.

# ચિરેન્કેના છેલ્લી ઘડીના ગોલથી ઘાનાએ પનામાને 1-0થી હરાવ્યું

**ગોલરહિત** ડ્રો તરફ જતી મેચના બીજા હાફના સ્ટોપેજ ટાઇમની પાંચમી મિનિટે ચિરેન્કેએ નિર્ણાયક ગોલ કર્યો



ટોરોન્ટો, તા. 18 (એપી) : ફિફા વર્લ્ડકપના ગ્રુપ એલની બુધવારની મોડી રાત્રે રમાયેલી એક મેચમાં બીજા હાફના સ્ટોપેજ ટાઇમની પાંચમી મિનિટે કાલેબ ચિરેન્કેના ગોલથી ઘાનાએ પનામાને 1-0થી હરાવીને સંપૂર્ણ ત્રણ પોઇન્ટ મેળવ્યા. જ્યારે મેચ ગોલરહિત ડ્રો તરફ જતી હતી, ત્યારે ચિરેન્કીએ બ્રાન્ડન થોમસ અસાંતેના ક્રોસને ગોલમાં ફેરવ્યો હતો.

થોમસ અસાંતેને ડાબી બાજુએ તક મળી અને એક શક્તિશાળી શોટ માર્યો જેને ચિરેન્કીએ માત્ર પોતાના જમણા પગે ગોલમાં ડિફ્લેક્ટ કર્યો હતો. આ મેચમાં બંને ટીમોને ગોલ કરવાની ખૂબ ઓછી તકો મળી હતી. પનામાને વર્લ્ડકપમાં પોતાનો પહેલો પોઈન્ટ મેળવવાની આશા હતી, પરંતુ ચિરેન્કીના ગોલે તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું. આ જીતથી ઘાના ગ્રુપ Lમાં ઈંગ્લેન્ડ સાથે ટોચ પર પહોંચી ગયું છે, જેણે દિવસની શરૂઆતમાં ક્રોએશિયાને 4-2થી હરાવ્યું હતું.

ઘાનાની ટીમમાં મિડફિલ્ડર થોમસ પાર્ટીને બળાત્કારના આરોપોમાં ઈંગ્લેન્ડમાં ટ્રાયલ દરમિયાન કેનેડામાં પ્રવેશવાથી પ્રતિબંધિત કરતાં તે આ મેચ રમી શક્યો નહોતો. પ્રથમ હાફમાં ગોલ પર એકમાત્ર શોટ રમતની બે મિનિટ પહેલા આવ્યો હતો. પનામાના ફોરવર્ડ સેસિલિયો વોટરમેને અમીર મુરિલો તરફથી લો ક્રોસ મેળવ્યા બાદ બોક્સની વચ્ચેથી શોટ લીધો, પરંતુ ગોલકીપર એટજીગીગીએ તેને બચાવી લીધો હતો. ઈજાને કારણે હાફ ટાઈમ પછી અટજીગીગી મેદાનમાં ઉતર્યો ન હતા અને તેના સ્થાને બેન્જામિન અસારે મેદાન પર આવ્યો હતો.

65મી મિનિટે ઘાના પાસે ગોલ કરવાની તક હતી જ્યારે થોમસ અસાંતે પનામાના ડિફેન્સને તોડીને બોક્સની અંદર જોર્ડન આય્યુને પાસ આપ્યો, પરંતુ જીઓવાન્ની રામોસે પાછળથી આવીને પ્રયાસ બચાવ્યો.

# મેચ ફિક્સિંગ તપાસ : આઈવરી કોસ્ટના વાહી પર કેનેડામાં પ્રવેશ પ્રતિબંધ

**વાહી** પર મૂકાયેલા પ્રવેશ પ્રતિબંધને કારણે તે જર્મની સામેની શનિવારની વર્લ્ડકપ મેચ રમી શકશે નહીં

**લીગ** 1માં નાઇસ વતી રમતી વખતે વાહીને યલો કાર્ડ મળવા પર અસામાન્ય સટ્ટો રમાયો હતો : ફ્રેન્ચ લીગ



ન્યૂયોર્ક, તા. 18 (એપી) : મેચ ફિક્સિંગની શંકાસ્પદ તપાસનો સામનો કરી રહેલા આઈવરી કોસ્ટના સ્ટ્રાઈકર એલી વાહીને જર્મની સામેની આગામી વર્લ્ડકપ મેચ માટે કેનેડા જવાની મંજૂરી આપવામાં આવી નથી. આઈવરી કોસ્ટ ફૂટબોલ ફેડરેશને ગુરુવારે આ માહિતી આપી હતી. શનિવારે ટોરોન્ટોમાં આઈવરી કોસ્ટ અને જર્મની વચ્ચે મેચ રમાવાની છે.

ફેડરેશને જણાવ્યું હતું કે વાહી ટીમ સાથે પ્રવાસ કરી શકશે નહીં કારણ કે કેનેડિયન સરહદમાં પ્રવેશવા માટે જરૂરી વહીવટી મંજૂરીઓ આ તબક્કે મેળવી શકાઈ નથી. સોમવારે ફિલાડેલ્ફિયામાં એક્વાડોર સામે રમાયેલી પ્રથમ મેચમાં વાહી આઈવરી કોસ્ટની ફોરવર્ડ લાઇનમાં રમ્યો હતો, જેમાં ટીમનો 1-0થી વિજય થયો હતો. ફેડરેશનના જણાવ્યા અનુસાર, ટીમ પાછી ન ફરે ત્યાં સુધી તે અમેરિકામાં જ રહેશે.

ફ્રેન્ચ ફૂટબોલ લીગે બુધવારે જણાવ્યું હતું કે, મે મહિનામાં 'નાઈસ' ક્લબ તરફથી રમતી વખતે લીગ 1ની એક મેચ દરમિયાન વાહીને યલો કાર્ડ મળવા પર આંતરરાષ્ટ્રીય સ્તરે અસાધારણ માત્રામાં સટ્ટો લગાવવામાં આવ્યો હતો. 17 મેના રોજ નાઈસ અને મેત્ઝ વચ્ચે રમાયેલી મેચમાં વાહીને યલો કાર્ડ બતાવવામાં આવ્યું હતું. સટ્ટાબજાર પર નજર રાખતી ભાગીદાર સંસ્થાઓએ આ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે ફ્રેન્ચ લીગને એલર્ટ કરી હતી. ફ્રેન્ચ લીગે આ માહિતી સંબંધિત પોલીસ, જુગાર સત્તાવાળાઓ અને ફ્રેન્ચ ફૂટબોલ ફેડરેશનને મોકલી આપી છે. ૨૩ વર્ષીય વાહી જાન્યુઆરીમાં જર્મન ક્લબ આઈન્ટ્રાક્ટ ફ્રેન્કફર્ટથી લોન પર નાઈસ ક્લબમાં જોડાયો હતો અને તેણે કુલ ૧૮ મેચોમાં ૯ ગોલ કરીને નાઈસ ટીમને ફ્રેન્ચ કપની ફાઈનલમાં પહોંચાડવામાં મદદ કરી હતી.

## ફૂટબોલ વર્લ્ડકપ ડાયરી

### માતાપિતાના અપહરણના ત્રણ વર્ષ પછી ડિયાઝ વર્લ્ડકપ ડેબ્યૂમાં ઝળક્યો



મેક્સિકો સિટી, તા. 18 : ઉઝબેકિસ્તાન પર કોલંબિયાની જીતના હીરો લુઈસ ડિયાઝની અહીં સુધીની યાત્રા ખૂબ જ મુશ્કેલ રહી છે, જેમાં ત્રણ વર્ષ પહેલાં તેના માતાપિતાનું થયેલું અપહરણ પણ સામેલ છે. કોલંબિયા 2022 વર્લ્ડકપ માટે ક્વોલિફાય થવામાં નિષ્ફળ ગયું. 2023 ના અંતમાં, લુઈસ મેન્યુઅલ ડિયાઝ અને તેની પત્ની, સિલેનિસ મારુલાન્ડાનું કોલંબિયા-વેનેઝુએલાની સરહદ પર સશસ્ત્ર ગેરિલાઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. સિલેનિસને મુક્ત કરવામાં આવી, પરંતુ લુઈસ ડિયાઝને મુક્ત કરવામાં આવ્યો ન હતો. તે સમયે લિવરપૂલ માટે રમી રહેલો ડિયાઝ પિતાની મુક્તિ માટે ઝુંબેશ ચલાવવા ઘરે પાછો ફર્યો. ક્લબમાં વાપસી કર્યા પછી તેણે એક ગોલ કરીને શર્ટ પર સ્પેનિશમાં પાપા માટે સ્વતંત્રતા લખ્યું હતું. આનાથી કોલંબિયાની સરકાર પર પગલાં લેવાનું દબાણ વધ્યું. ડિયાઝના પિતાને 12 દિવસ સુધી બંધક બનાવ્યા બાદ મુક્ત કરવામાં આવ્યા.

### કતારના ચાહકો ટીમને ઉત્સાહિત કરવા માટે સરકારી ખર્ચે વાનકુવર પહોંચ્યા



વાનકુવર, તા. 18 : કતારના ચાહકો વર્લ્ડકપ ફૂટબોલમાં તેમની ટીમને ઉત્સાહિત કરવા માટે સરકારી ખર્ચે અહીં પહોંચ્યા છે. કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીના પ્રયાસોને કારણે, કેનેડા સામેની મેચ પહેલા લગભગ 1,000 કતારી ચાહકો ચાર્ટર્ડ જેટમાં વાનકુવર પહોંચ્યા છે. ચાહકો ફેરમોન્ટ અને જેડબ્લ્યુ મેરિયોટ પાર્ક જેવી લક્ઝરી હોટલોમાં રોકાઈ રહ્યા છે. કતારી ચાહકો શહેરની આસપાસ પરંપરાગત દરબુકા ડ્રમ વગાડીને ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. કતારના કેપ્ટન અબ્દુલઅઝીઝ હાતેમે કહ્યું, સૌ પ્રથમ, હું અહીં આવનારા દરેકનો આભાર માનવા માંગુ છું. અમે અમારી જવાબદારીથી સંપૂર્ણપણે વાકેફ છીએ અને તેઓ સ્ટેડિયમમાંથી ખુશ અને અમારા પર ગર્વથી નીકળે તે માટે શક્ય તેટલું બધું કરીશું.

# IPLની આગામી સિઝન 10 માર્ચથી શરૂ કરવા BCCIની યોજના : સૈકિયા

**ગરમીને** કારણે આઇપીએલ 10 માર્ચથી શરૂ કરી 15 મે સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન

**મેચોની** સંખ્યા હાલ 74 રહેશે, તેને વધારીને 94 કરવાની બીસીસીઆઇની કોઇ યોજના નથી

નવી દિલ્હી, તા. 18 : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) મે મહિનામાં દેશના મોટાભાગના ભાગોમાં પડતી કાળઝાળ ગરમીથી બચવા માટે આગામી વર્ષે 10 માર્ચથી 15 મે દરમિયાન ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) યોજવાનું વિચારી રહ્યું છે. બોર્ડ સચિવ દેવજીત સૈકિયાએ પીટીઆઈને આ વાત જણાવી. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે વ્યસ્ત ઈન્ટરનેશનલ શેડ્યૂલને ધ્યાનમાં રાખીને મેચોની સંખ્યા 74 રહેશે અને તેને 94 સુધી વધારવામાં આવશે નહીં. આઈપીએલ સામાન્ય રીતે માર્ચના છેલ્લા અઠવાડિયામાં શરૂ થાય છે અને મે મહિનાના અંત સુધી ચાલુ રહે છે. સૈકિયાએ કહ્યું કે આઈપીએલ વહેલા શરૂ કરવાથી માત્ર ખેલાડીઓ જ નહીં પરંતુ પ્રેક્ષકોને પણ ફાયદો થશે. તેમણે કહ્યું કે, આ વર્ષે આઈપીએલ 29 માર્ચે શરૂ થઈ હતી અને 31 મે સુધી ચાલુ રહી હતી. અમે ચર્ચા કરી રહ્યા છીએ કે 15 મે પછી, વરસાદ અથવા ચોમાસા પહેલાના હવામાનને કારણે ટુર્નામેન્ટના અંતિમ તબક્કામાં વિક્ષેપ પડવાની શક્યતા છે. સૈકિયાએ કહ્યું, ઉપરાંત, ત્યાં સુધીમાં હવામાન ખૂબ ગરમ થઈ જાય છે જે ખેલાડીઓ કે પ્રેક્ષકો બંને માટે ખૂબ અનુકૂળ નથી. બોર્ડ સેક્રેટરીએ જણાવ્યું હતું કે મે મહિનાના છેલ્લા પખવાડિયામાં વધતા તાપમાનનો સામનો કરવા માટે ટુર્નામેન્ટને બે અઠવાડિયા આગળ વધારવાનો વિચાર છે. તેમણે કહ્યું કે બીસીસીઆઇ તેમજ આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલમાં ચર્ચા ચાલી રહી છે કે શું આપણે માર્ચના અંત કરતાં થોડી વહેલી ટુર્નામેન્ટ શરૂ કરી શકીએ છીએ. આવતા વર્ષથી, અમે તેને વહેલા શરૂ કરવાનો પ્રયાસ કરીશું. મેં અમારા જનરલ મેનેજર માજી ફાસ્ટ બોલર એબી કુરુવિલાને એક શેડ્યૂલ તૈયાર કરવા સૂચના આપી છે જેથી અમે 10 માર્ચ સુધીમાં ટુર્નામેન્ટ શરૂ કરી શકીએ અને 15 મે સુધીમાં તેને પૂર્ણ કરી શકીએ.

# આજથી દોહા ડાયમંડ લીગ : નીરજ ચોપરાની થશે વાપસી

**નીરજ** સામે અન્ય સ્ટારની સાથે શ્રીલંકાના ઉભરતા સ્ટાર રૂમેશ પાથિરાજેનો મોટો પડકાર

**8મી** મેથી શરૂ થનારી આ ડાયમંડ લીગ પશ્ચિમ એશિયા કટોકટીને કારણે મુલતવી રખાઇ હતી

દોહા, તા. 18 (પીટીઆઈ) : ભારતીય ભાલા ફેંક એથ્લેટ નીરજ ચોપરા આવતીકાલે શુક્રવારે અહીં દોહા ડાયમંડ લીગમાં ફોર્મમાં રહેલા ટોચના હરીફો સામે રમશે ત્યારે તેને આશા રહેશે કે ઈજાને કારણે સ્પર્ધાઓમાં ગેરહાજરીથી તેની લયને અસર નહીં થાય. ભાગ લેનારા ટોચના સ્તરના ખેલાડીઓમાં શ્રીલંકાના ઉભરતા સ્ટાર રોમેશ થરંગા પાથિરાજેનો સમાવેશ થશે, જેણે થોડા દિવસ પહેલા 90 મીટરનો આંકડો પાર કર્યો હતો.

બીજી તરફ, 28 વર્ષીય ચોપરા પીઠની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે જેના કારણે તે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વર્લ્ડ ચેમ્પિયનશિપ પછી કોઈપણ સ્પર્ધામાં ભાગ લઈ શક્યો નથી, જ્યાં તે 84.03 મીટરના સરેરાશ થ્રો સાથે આઠમા સ્થાને રહ્યો હતો, પરંતુ તેને આશા છે કે તે કતાર સ્પોર્ટ્સ ક્લબમાં શરૂઆતથી જ તેની લય શોધી લેશે. દોહા તેના માટે નસીબદાર રહ્યું છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### યુક્રેનનો રશિયા...

ચાલી રહ્યું છે, ત્યારે પુતિનને પૂછો કે તેઓ તેને ક્યારે ખતમ કરવાનું વિચારી રહ્યા છે." રશિયન મીડિયા દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરો અને વીડિયોમાં ક્રેમલિનથી લગભગ ૧૫ કિલોમીટર (૯ માઇલ) દૂર આવેલી મોસ્કો ઓઇલ રિફાઇનરીમાં ભીષણ આગ લાગી હોવાનું જોવા મળી રહ્યું છે. શહેર પર ધુમાડાના ઘટ્ટ કાળા વાદળો ઉડતા દેખાયા હતા.

### મધ્યસ્થી પાકિસ્તાને...

ઈરાન, પાકિસ્તાન અને કતારના મુખ્ય વાટાઘાટકારો એકત્રિત થાય તેવી અપેક્ષા છે. પાકિસ્તાને સત્તાવાર રીતે એક ગેરંટર તરીકે હસ્તાક્ષર કર્યા છે. આ હસ્તાક્ષર પછી પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે હોર્મુઝ તરત જ ખુલી જશે.

### કરારના મુખ્ય મુદ્દાઓ...

નહીં કરે, અને અમેરિકા નવા પ્રતિબંધો નહીં લગાવે.

11. કરારના પાલન પર દેખરેખ રાખવા માટે એક વિશેષ તંત્ર બનાવવામાં આવશે.
12. આર્થિક રાહત અને દરિયાઇ વાહનવ્યવહાર પુન:સ્થાપિત થયા પછી બાકીના મુદ્દાઓ પર વાતચીત થશે.
13. 60 દિવસની અંદર અંતિમ કરાર પર વાતચીત પૂર્ણ કરવાનો પ્રયાસ કરશે.
14. અંતિમ કરારને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની મંજૂરી મળશે.

### જ્યાં હસ્તાક્ષર...

કરી દીધા. ત્યારપછી ફ્રેન્ચ ક્રાંતિ (1789) સુધી આ મહેલ જ ફ્રાન્સની રાજકીય સત્તાનું કેન્દ્ર બની રહ્યો. મહેલમાં આશરે 2,300 ઓરડાઓ છે. તેનો સૌથી પ્રખ્યાત ભાગ 'હોલ ઓફ મિરર્સ' છે, જેમાં 357 અરીસા લાગેલા છે. આ મહેલના વિશાળ બગીચાઓ અને ભવ્ય સ્થાપત્ય કલા તેને યુરોપિયન રાજશાહીની શક્તિ અને વૈભવનું પ્રતીક બનાવે છે. સદીઓથી આ મહેલમાં અનેક કરારો અને સંધિઓ થયા છે. પહેલા વિશ્વ યુદ્ધનો અંત લાવવા માટેની સંધિ પર પણ આ મહેલમાં જ હસ્તાક્ષર થયા હતા.

### હોર્મુઝમાંથી જહાજોની...

ધ્વજવાળું એક એલએનજી ટેન્કર પણ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરીને ખાડી વિસ્તારની બહાર નીકળી ગયું છે. કતારથી પણ એલએનજી લઈને નીકળેલું એક ટેન્કર હવે હોર્મુઝ સ્ટ્રેટ તરફ આગળ વધી રહ્યું છે. 'મરાઇખ' નામનું આ ટેન્કર આ જ મહિને કતારમાં લોડિંગ થયા બાદ ફેબ્રુઆરીથી પર્શિયન ખાડીમાં ફસાયેલું હતું. આ જહાજનો આગામી પડાવ પાકિસ્તાનનું પોર્ટ કાસિમ હોવાનું કહેવાય છે.

### સ્વિસ બેંકમાં...

છે. પાકિસ્તાનના નાણામાં પણ ઘટાડો જોવા મળ્યો હતો અને તે ૨૫૭ મિલિયન સીએચએફ (૨૭૨ મિલિયન સીએચએફથી ઘટીને) થયો હતો, જ્યારે બાંગ્લાદેશમાં ૪૩ ટકાનો તીવ્ર વધારો જોવા મળ્યો હતો અને તે ૮૪૨ મિલિયન સીએચએફ થયો હતો. ભારતની જેમ જ, સ્વિસ બેંકોમાં કથિત કાળા નાણાંનો મુદ્દો આ બે પડોશી દેશોમાં પણ રાજકીય રીતે ઘણો ગરમાયેલો મુદ્દો રહ્યો છે. બાંગ્લાદેશ ૮૧મા સ્થાને હતું, જ્યારે પાકિસ્તાન ૧૦૮મા સ્થાને હતું.

### 'થોડા લોકો માટે...

વેકેશન બેંચના જસ્ટિસ તેજસ કારિયા દ્વારા આ અવલોકનો કરવામાં આવ્યા હતા. નીટ-યુજી રીટેસ્ટ પહેલા એપનો દુરુપયોગ થઈ શકે છે તેવા આધાર પર લાદવામાં આવેલા અસ્થાયી પ્રતિબંધ વિરુદ્ધ ટેલિગ્રામની અરજી પર કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. પેપર લીકના આક્ષેપો વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA) એ મેડિકલ પ્રવેશ માટે ૩ મેના રોજ લેવાયેલી નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (અંડરગ્રેજ્યુએટ) એટલે કે NEET-UG પરીક્ષા ૧૨ મેના રોજ રદ કરી દીધી હતી. હાલમાં આ મામલાની તપાસ સીબીઆઈ કરી રહી છે. વિવાદોમાં ઘેરાયેલી આ પરીક્ષાનું સંચાલન સુરૂપ ચાલું રહે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસરૂપે સરકારે આ મેસેજિંગ એપ પર ૨૨ જૂન સુધી અસ્થાયી પ્રતિબંધ લાદી દીધો છે. ગુરુવારે કેન્દ્ર સરકારે હાઈકોર્ટ સમક્ષ જોરદાર દલીલ કરી હતી કે અસામાજિક તત્વો દ્વારા ટેલિગ્રામનો દુરુપયોગ થવાની પૂરેપૂરી સંભાવના છે. એપ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ધ્રુવ મહેતા અને કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા એટર્ની જનરલ આર. વેંકટરામણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતાની વિસ્તૃત દલીલો સાંભળ્યા બાદ જસ્ટિસ કારિયાએ ચુકાદો અનામત રાખ્યો હતો.

### દેશભરમાં આ...

કરે છે. બીજું પરિબળ, ચોમાસાના પરિભ્રમણ સાથે સંકળાયેલા નીચલા સ્તરના દક્ષિણ-પશ્ચિમી પવનો અરબી સમુદ્ર પર નબળા પડ્યા છે. આના કારણે મહારાષ્ટ્રના દરિયાકાંઠા અને આંતરિક વિસ્તારો તરફ ભેજનું વહન ઘટી ગયું છે. ત્રીજું પરિબળ, પશ્ચિમ હિંદ મહાસાગર અને અરબી સમુદ્ર પરનો ક્રોસ-ઈક્વેટોરિયલ (વિષુવવૃત્ત ઓળંગતો) પ્રવાહ, જે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે ભેજના સ્ત્રોત તરીકે કામ કરે છે, તે પ્રવાહ નબળો છે. ચોથું પરિબળ એ છે કે, ચોમાસાની હવામાન સિસ્ટમ જેવી કે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં લો-પ્રેશર કે ચક્રવાતી પરિભ્રમણ, અથવા પશ્ચિમ કિનારે પૂરતી તીવ્રતાવાળી ઓફ-શોર ટ્રફ (મોટા વિસ્તાર સુધી વિસ્તરેલો લો-પ્રેશર પટ્ટો) જે ચોમાસાને આગળ વધારવામાં મદદ કરે છે, તે હાલમાં ગેરહાજર છે. છેલ્લું પરિબળ મેડન-જુલિયન ઓસિલેશન (MJO)નો નબળો તબક્કો છે, જે પવન, વાદળ અને દબાણની એક ગતિશીલ સિસ્ટમ છે જે વિષુવવૃત્તની આસપાસ ફરતી વખતે વરસાદ લાવે છે.

### લોકસભા, વિધાનસભાની...

આ વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે તેમાંથી માત્ર ૫,૦૯૫ એટલે કે માત્ર ૧૦ ટકા મહિલાઓ હતી. અહેવાલમાં સવાલ ઉઠાવવામાં આવ્યો છે કે શું વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત આપવા માટે પૂરતી રાજકીય ઈચ્છાશક્તિ છે? આ સાથે જ બિલના ઈતિહાસનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે સૌપ્રથમ ૧૯૯૬માં ૮૧મા બંધારણીય સુધારા બિલ તરીકે રજૂ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ૨૦૦૮માં ૧૦૮મા બંધારણીય સુધારા બિલ તરીકે રજૂ કરાયું હતું, જેમાં લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ હતી. સપ્ટેમ્બર ૨૦૨૩માં, ૧૨૮મું બંધારણીય સુધારો બિલ પસાર કરવામાં આવ્યું હતું, જે 'નારી શક્તિ વંદન અધિનિયમ' – જે લોકપ્રિય રીતે મહિલા અનામત બિલ તરીકે ઓળખાય છે. જો કે, અનામતની જોગવાઈઓ આ કાયદાના અમલીકરણ પછી હાથ ધરવામાં આવનારી પ્રથમ વસ્તીગણતરીના આધારે આગામી સીમાંકન પ્રક્રિયા પછી જ અમલમાં આવશે અને ત્યારપછીની લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓથી તેને લાગુ કરવામાં આવશે. અહેવાલમાં જણાવાયું છે કે, આ વિલંબ રાજકારણમાં જાતિગત અસમાનતાને દૂર કરવા માટે પુરુષવાદી માનસિકતા ધરાવતા ધારાસભ્યોની અનિચ્છાને પણ દર્શાવે છે.

### યુએસ-ઈરાન ઐતિહાસિક...

પછી તાત્કાલિક અસરથી અમલમાં આવશે, તેમ આ કરારમાં મધ્યસ્થી કરવામાં મદદ કરનાર પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. આ કરાર દુશ્મનાવટનો કાયમી અંત લાવવા માટે આહવાન કરે છે અને ઈરાનના પરમાણુ કાર્યક્રમના ભવિષ્ય પર અંતિમ કરાર સુધી પહોંચવા માટે ૬૦ દિવસની વાટાઘાટોનો સમય શરૂ કરે છે, જો કે ટ્રમ્પે ફરીથી હુમલા શરૂ કરવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. આ કરાર ઈરાનને બદલામાં બહુ ઓછું ગુમાવીને શરૂઆતમાં જ કેટલાક ફાયદાઓ આપતો હોય તેવું જણાય છે.

**આ કરાર સરળ ન હતો: ટ્રમ્પ**

ટ્રમ્પે બુધવારે ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે વર્સેલ્સમાં રાત્રિભોજન કરતી વખતે તેની ભૌતિક નકલ પર હસ્તાક્ષર કર્યા હતા, આ તે જ મહેલ છે જ્યાં સદીઓથી ઘણા ઐતિહાસિક કરારો પર હસ્તાક્ષર થયા છે, જેણે યુદ્ધો અથવા પ્રાદેશિક વિવાદોનો અંત આણ્યો છે. વ્હાઈટ હાઉસે શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર સમારોહનું આયોજન કર્યું હતું, પરંતુ યુએસ, ઈરાન અને પાકિસ્તાન તરફથી પરસ્પર વિરોધી માહિતી મળતાં હવે તેનું ભવિષ્ય અનિશ્ચિત છે. ટ્રમ્પે કહ્યું હતું કે આ કરાર સરળ ન હતો.

### દિલ્હી ડાયરી...

છે, જેના કારણે તેઓ હાલ પૂરતા નીટ વિવાદની આંચમાંથી બચી શક્યા છે. માઝીને કોઈ ક્ષોભજનક સ્થિતિનો સામનો ના કરવો પડે તે માટે તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે મોકલવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેઓ સંતોષ સાથે ઓડિશા પરત ફર્યા હતા. જોકે, પોતાની સ્થિતિ બચાવવા માટે પ્રધાન ગમે તેટલા પ્રયાસો કરે, પરંતુ વારંવાર થતા પેપર લીકનો આ વિવાદ તેમનો પીછો છોડવાનો નથી અને તે તેમને સતાવતો રહેશે. આ મુદ્દાએ વિરોધ પક્ષોને, ખાસ કરીને કોંગ્રેસને એક ગંભીર હથિયાર આપી દીધું છે, જ્યારે સામાન્ય જનતામાં પણ ભારે રોષ છે અને તેઓ તેમના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

**મહારાષ્ટ્ર એનસીપીમાં સત્તા સંઘર્ષ**

ચાર મહિના પહેલાં એક વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અજીત પવારના આકસ્મિક અવસાનથી સર્જાયેલો રાજકીય શૂન્યાવકાશ હજી પણ પવાર પરિવાર અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ને વલોવી રહ્યો છે.

### સ્વિસ બેંકોમાં...

ઘટાડા છતાં ૨.૬ અબજ સ્વિસ ફ્રેંક હતો. ૨૦૨૫માં કુલ ભંડોળમાં આવેલો આ ઘટાડો ૨૦૨૪માં થયેલા ત્રણ ગણા તીવ્ર ઉછાળા બાદ આવ્યો છે, જ્યારે આ આંકડો ૩.૫ અબજ સીએચએફ (CHF) પર પહોંચ્યો હતો – જે ૨૦૨૧ પછીનો સૌથી વધુ હતો. ૨૦૨૧માં સ્વિસ બેંકોમાં કુલ ભારતીય નાણાં ૧૪ વર્ષની સર્વોચ્ચ સપાટી ૩.૮૩ અબજ સીએચએફ પર પહોંચ્યા હતા, જે સ્થાનિક શાખાઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ મારફતે રાખવામાં આવેલા ભંડોળમાં મોટા ઉછાળાને કારણે હતા. આ બેંકો દ્વારા સ્વિસ નેશનલ બેંક (SNB)ને સબમિટ કરવામાં આવેલા સત્તાવાર આંકડા છે અને તે સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીયો દ્વારા રાખવામાં આવેલા કથિત કાળા નાણાંની માત્રા દર્શાવતા નથી. આ આંકડાઓમાં તે નાણાંનો પણ સમાવેશ થતો નથી જે ભારતીયો, એનઆરઆઈ (NRIs) અથવા અન્ય લોકો ત્રીજા દેશની સંસ્થાઓના નામે સ્વિસ બેંકોમાં ધરાવતા હોઈ શકે છે.